પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૫ | ૮ માર્ચ, ૨૦૧૮, ગુરૂવાર ; ફાગણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**જયા બચ્ચન સપાના રાજ્યસભાના ઉમેદવાર**

સમાજવાદી પાર્ટીમાંથી જયા બચ્ચનને ચોથીવાર રાજ્યસભાના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશની ૧૦ રાજ્યસભા સીટ માટે ૨૩ માર્ચે મતદાન કરવામાં આવશે.

**પાક.નું વલણ બદલાયુ નથી : અમેરિકા**

અમેરિકા દ્વારા પાકિસ્તાનને આપવામાં આવી રહેલી મદદને રોકવામાં આવી છે. તેમ છતાં પાકિસ્તાને તેના વલણમાં કોઈ ફેરફાર કર્યો નથી અને આતંકવાદીઓને શરણ આપવાનું ચાલુ રાખ્યુ છે, એમ અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યુ છે.

**નીટ જેવી પરીક્ષાઓમાં આધાર જરૂરી નહી**

સુપ્રિમ કોર્ટની સંવિધાન પીઠે વચગાળાનો આદેશ જાહેર કરી કહ્યુ છે કે સીબીએસઈની નીટ અને અન્ય અખિલ ભારતીય પરીક્ષાઓ માટે આધાર અનિવાર્ય નથી. તેના વિકલ્પરૂપે ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, રેશનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ ચલાવવામાં આવશે.

**લક્ષદ્વિપ નજીક જહાજમાં આગ**

લક્ષદ્વિપ પાસે અરબ સાગરમાં એક માર્સક કન્ટેનર જહાજમાં આગ લાગી હતી. આ જહાજમાં ૧૩ ભારતીય સહિત ચાલકદળના ૨૭ સદસ્યો સામેલ હતા. ભારતીય તટરક્ષક દળે ૨૩ લોકોને બચાવી લીધા છે જ્યારે ૪ લોકો લાપત્તા છે.

# સમગ્ર દેશમાં મૂર્તિ પર મહાભારત

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી નારાજ, ગૃહમંત્રાલય એક્શનમાં : તામિલનાડુમાં પેરિયારની મૂર્તિ પર હુમલો, ભાજપ ઓફિસ પર ફેંકાયો પેટ્રોલ બોમ્બ : કોલકત્તામાં કાલીઘાટ પાસે આવેલી શ્યામાપ્રસાદ મુખર્જીની મૂર્તિનું નાક તોડી પડાયુ : ઉત્તર પ્રદેશના મેરઠના મવાના વિસ્તારમાં બી.આર.આંબેડકરની મૂર્તિ તોડી પાડવામાં આવી**



ન્યુ દિલ્હી,તા.૭

ત્રિપુરામાં લેનિનની મૂર્તિ તોડવાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ તમિલનાડુમાં સમાજ સુધારક પેરિયારની પ્રતિમા તોડવાની કોશિશ કરવામાં આવી છે. આ ઘટના બાદ કોયમ્બતૂરમાં ભાજપ કાર્યાલય ઉપર પેટ્રોલ બોમ્બ ફેંકવામાં આવ્યો છે. આ ઘટના કોયમ્બતૂરના ચિથાપુડુરમાં બની છે. ઘટના બાદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ બાબતે રાજ્યસભામાં પણ હોબાળો થયો છે. મોદીએ ગૃહપ્રધાનને બોલાવી ઘટનાઓ સામે કાર્યવાહી કરવા જણાવ્યું છે. પીએમએ ત્રિપુરામાં લેનિનની મૂર્તિ અને બીજા રાજ્યોમાં બનેલી આવી ઘટનાઓ પર પોતાની નારાજગી વ્યક્ત કરી. આપને જણાવી દઈએ કે પીએમએ આ મુદ્દા પર વાતચીત કર્યા બાદ ગૃહ મંત્રાલયે પણ રાજ્યો માટે એડવાઈઝરી રજૂ કરી દીધી છે. મંત્રાલયે રાજ્યોમાં મૂર્તિ તોડવા અને બીજી કોઈપણ પ્રકારની હિંસક ઘટનાઓને રોકવા માટે નક્કર પગલાં ઉઠાવાનો નિર્દેશ આપી દીધો છે. ત્રિપુરામાં ભાજપની ઐતિહાસિક જીત બાદ બેલોનિયા ટાઉનમાં કોલેજ સ્કવેર સ્થિત રૂસી ક્રાંતિના નાયક વ્લાદિમીર લેનિનની મૂર્તિ

● અનુસંધાન પાન-૭ પર

## મૂર્તિઓ તોડવાને મામલે રાજકારણ ગરમાયું

**અમિત શાહ અને નાયડૂએ ઘટનાની નિંદા કરી**



ન્યુ દિલ્હી,તા.૭

દેશભરમાં એકબીજાના આદર્શોની મૂર્તિ તોડવાને લઈને રાજકારણ ગરમાયું છે. ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ સહિત અનેક રાજકીય પક્ષોના નેતાઓએ ઘટનાની નિંદા કરી છે. નાયડૂએ મૂર્તિ રાજ્યસભામાં તોડનારાઓને પાગલ ગણાવ્યા હતાં. જ્યારે અમિત શાહે કહ્યું હતું કે, મૂર્તિ તોડવી દુખદ ઘટનાઓ છે. પાર્ટી મૂર્તિ તોડવાની ઘટનાઓનું સમર્થન નથી કરતી.

ભાજપ અધ્યક્ષ અમિત શાહે ઉપરા ઉપરી ટ્વિટ કરીને મૂર્તિ તોડવાની ઘટનાઓને અયોગ્ય ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, અમે મૂર્તિઓ તોડવાની ઘટનાઓનું સમર્થન નથી કરતા. આ પ્રકારની ઘટનાઓ દુખદ છે. જો આ ઘટનાઓમાં ભાજપ સાથે સંકળાયેલા લોકો શામેલ હશે તો તેમના પર કાર્યવાહી કરવામાં આવશે. ભાજપ અધ્યક્ષે કહ્યું હતું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવવાનો છે. દેશના ૨૦ રાજ્યોમાં ભાજપ અને તેના સહયોગી દળોની સરકાર છે. અમારા કામને લોકોએ આવકાર્યું છે અને તેના માટે અમે જનતાનો આભાર માનીએ છીએ.

# ભાજપ-ટીડીપી ગઠબંધન ભંગાણના આરે

**ટુંક સમયમાં જ અંતિમ નિર્ણયની જાહેરાત કરાશે : આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો હાલમાં આપી શકાય તેવી સ્થિતી નથી તેવી કેન્દ્રની જાહેરાતથી ટીડીપી લાલઘુમ**

વિજયવાડા,તા. ૭

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાના મુદ્દે કેન્દ્ર સરકાર અને ટીડીપી વચ્ચે ખેંચતાણ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. રાજ્યને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગને મોદી સરકારે ફગાવી દીધા બાદ ટીડીપી અને ભાજપ વચ્ચે ગઠબંધનનો અંત આવી શકે છે. બન્નેના રસ્તા અલગ થઈ શકે છે. આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની બાબત શક્ય નથી તેવી કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કર્યા બાદ ટીડીપીના સભ્યો નારાજ દેખાઈ રહ્યા છે. ટીપીડીના અધ્યક્ષ ચન્દ્રબાબુ નાયડુ ટુંક સમયમાં જ એનડીએની સાથે અલગ થવાની જાહેરાત કરી શકે છે. ટીડીપીના મોટા ભાગના સભ્યો અને નેતા ઈચ્છે છે કે પાર્ટી ભાજપની સાથે તેના સંબંધનો અંત લાવીદે. જેથી નાયડુ ટુંક સમયમાં જ આ અંગેના નિર્ણયની જાહેરાત કરી શકે છે. કેન્દ્રમાં ટીડીપીના ક્વોટાના બે પ્રધાનો અશોક ગજપતિ રાજુ અને વાયએસ ચૌધરી દ્વારા મોદી પ્રધાનમંડળમાંથી રાજીનામુ આપવાની સાથે જ આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી શકે છે. સુત્રોના કહેવા મુજબ વિજયવાડામાં મંગળવારના દિવસે ટીડીપીના ધારાસભ્યોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં તમામ ૧૨૫ ધારાસભ્યો અને ૩૪ એલએલસી હાજર રહ્યા હતા. જેમાં તમામ સભ્યોએ ભાજપ સાથે ગઠબંધનનો અંત લાવવા માટેની રજૂઆત કરી હતી. ચન્દ્રબાબુ નાયડુ પર દબાણ વધારી દેવામાં આવ્યુ હતુ. સુત્રોએ કહ્યુ છે કે મુખ્યપ્રધાન નાયડુ ગઠબંધનનો

● અનુસંધાન પાન-૭ પર

# જેફ બેજોસ વિશ્વમાં સૌથી અમીર

**જેફ બેજોસની ૧૧૨ અબજ ડોલરની સંપત્તિ : માઇક્રોસોફ્ટના સહસ્થાપક ૯૦ અબજ ડોલર સાથે બીજા ક્રમાંકે : બર્કશાયર હેથવે વડા બફેટ ૮૪ અબજ ડોલરની સંપત્તિની સાથે ત્રીજા સ્થાને રહ્યા : મુકેશ અંબાણી વૈશ્વિક યાદીમાં ૧૯માં ક્રમે રહ્યા : ફોર્બ્સે દુનિયાભરના સૌથી અમીરોની યાદી જાહેર કરી**





નવી દિલ્હી,તા. ૭

ફોર્બ્સ મેગેઝિન દ્વારા અબજોપતિની યાદી જાહેર કરવામાં આવી ચુકી છે. વિશ્વના સૌથી અમીર યાદીમાં આ વખતે એમેઝોનના સીઈઓ જેફ બેજોસ રહ્યા છે. ફોર્બ્સ મુજબ જેફ બેજોસની કુલ સંપત્તિ આશરે ૧૧૨ અબજ ડોલર નોંધાઈ છે. ફોર્બ્સ તરફથી જારી કરવામાં આવેલી દુનિયાના સૌથી અમીર લોકોની યાદીમાં મુકેશ અંબાની હજુ ટોપ ૧૦માં સ્થાન મેળવી શક્યા નથી. જેફ બેજોસ ઈ કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક અને સીઈઓ છે. તેમના અમીર બનવાની પાછળ એમેઝોનના વેલ્યુએશનમાં થયેલા અનેક ગણા વધારાને જવાબદાર ગણવામાં આવે છે. બેજોસની કંપની એમેઝોનની માર્કેટ વેલ્યુ આશરે ૭૨૭ અબજ ડોલર છે. ૧૦ વર્ષ પહેલા એમેઝોનની માર્કેટ વેલ્યુ ૨૭ અબજ ડોલર હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં ઈ કોમર્સની દુનિયામાં ઝડપથી વધારો થયો છે. જેના પરિણામ સ્વરૂપે એમેઝોનની માર્કેટ વેલ્યુ વધીને ૭૨૭ અબજ ડોલર થઈ ગઈ છે. આ દ્રષ્ટિથી ૧૦ વર્ષમાં એમેઝોનની માર્કેટ વેલ્યુમાં આશરે ૨૭ ગણો વધારો થયો છે. આ પહેલા બ્લૂમબર્ગ પણ સૌથી અમીર

● અનુસંધાન પાન-૭ પર

**સૌથી અમીર ભારતીયો**

| નામ | સંપત્તિ (અબજ ડોલરમાં) |
| --- | --- |
| મુકેશ અંબાણી | ૪૦.૧ |
| અજીમ પ્રેમજી | ૧૮.૮ |
| લક્ષ્મી મિત્તલ | ૧૮.૫ |
| શિવનાદર | ૧૪.૬ |
| દિલીપ સંઘવી | ૧૨.૮ |

# ડો. પ્રવીણ તોગડિયાની કારને સુરત પાસે ટ્રેલરની ટક્કર

**ગંભીર અકસ્માતમાં તોગડિયાનો આબાદ બચાવ : સમગ્ર અકસ્માતને ષડયંત્ર ગણાવી ન્યાયિક તપાસની માંગ કરતાં તોગડિયા**



અમદાવાદ,તા. ૭

વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડો.પ્રવીણ તોગડિયાની કારને આજે સવારે સુરત ખાતે એક અકસ્માત નડયો હતો. એક ટ્રક દ્વારા પાછળથી ટક્કર મરાતાં ડો.તોગડિયાની કાર ડિવાઈડર પર ચઢી ગઈ હતી જો કે, આ બનાવમાં કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી અને તોગડિયાનો પણ અદ્‌ભુત બચાવ થયો હતો. બીજીબાજુ, ડો.પ્રવીણ તોગડિયાએ અગાઉ બે મહિના પહેલા પણ તેમનું એન્કાઉન્ટરની દહેશત વ્યકત કરી હતી અને આજે થયેલા આ અકસ્માતને પગલે ડો.પ્રવીણી તોગડિયાનું કાસળ કાઢવાનું ષડયંત્ર હોવાની ચર્ચાએ પણ રાજકીય વર્તુળમાં જોર પકડયું હતું. દરમ્યાન ડો.તોગડિયાએ આ સમગ્ર ઘટનાને એક ખતરનાક ષડયંત્ર ગણાવી તે અંગે તપાસ કરવા માંગણી કરી હતી.

એટલું જ નહી, અકસ્માત બાદ ડો.તોગડિયાએ સુરતમાં જ પત્રકાર પરિષદ કરી

● અનુસંધાન પાન-૭ પર

# એરસેલ-મેક્સિસ ડીલમાં ચિદમ્બરમ સામેલ રહ્યા છે : ઈડીનો કોર્ટમાં દાવો

**સુપ્રીમ કોર્ટમાં ઇડી દ્વારા રજૂઆત કરવામાં આવી : એરસેલ-મેક્સિસ ડીલમાં નિયમોના ભંગ, ભ્રષ્ટાચારના કેસમાં ઇડીએ ચિદમ્બરમ ઉપર ગંભીર આરોપો લગાવ્યા**



નવી દિલ્હી,તા. ૭

એરસેલ-મેક્સિસ ડીલમાં નિયમોના ભંગ અને ભ્રષ્ટાચારના મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પૂર્વ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ પર ગંભીર પ્રકારના આરોપો મુક્યા છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં ઈડીએ આક્ષેપ કર્યો છે કે એરસેલ-મેક્સિસને એફઆઈપીબી પાસેથી મંજુરી અપાવવાના મામલે પી. ચિદમ્બરમ પણ સામેલ હતા. ઈડીએ કહ્યુ છે કે કાવતરા હેઠળ તથ્યોને છુપાવવામાં આવ્યા હતા. મામલાને આર્થિક મામલાની કેબિનેટ સમિતીની પાસે ન મોકલવુ પડે તે માટેના પ્રયાસ કરવામાં આવ્યા હતા. નાણાં મંત્રાલય દ્વારા જ મંજુરી આપી દેવામાં આવી હતી. એફઆઈઆરમાં ઈડીએ એફઆઈપીબીના તત્કાલીન સેક્રેટરી, એડિશનલ સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી અનેંડર સેક્રેટરી સહિત કેટલાક મોટા અધિકારીઓની સામે પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા છે. આ તમામ અધિકારીઓ કાવતરામાં સામેલ હોવાનો દાવો ઈડી દ્વારા કરવામાં આવ્યો છે.એકબાજુ આઈએનએક્સ મીડિયા કેસમાં લાંચ લેવાના મામલે આરોપી રહેલા

● અનુસંધાન પાન-૭ પર

# ગોવા મુખ્યમંત્રી મનોહર પર્રિકર સારવાર માટે અમેરિકા જવા રવાના

મુંબઈ,તા.૭

ગોવાના મુખ્યમંત્રી મનોહર પર્રિકર ફરીથી તબિયત લથડતાં હવે સારવાર માટે અમેરિકા જવા રવાના થઈ ગયા છે. મનોહર પર્રિકર મંગળવારે મોડી રાત્રે મુંબઈના છત્રપતિ શિવાજી એરપોર્ટ પરથી અમેરિકા જવાના રવાના થયા હતા.

ઉલ્લેખનીય છે કે, ૧૫ ફેબ્રુઆરીના રોજ મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પેંક્રિયાઝના ઈન્ફેક્શનની સારવાર પછી તેમણે ૨૨ ફેબ્રુઆરીએ રજા આપવામાં આવી હતી. જો કે ફરીથી તેમને શરીરમાં પાણી ઘટી જવાની અને બ્લડ પ્રેશરની તકલીફ ઉભી થવાથી ૨૫ ફેબ્રુઆરીએ ગોવા મેડિકલ કૉલેજ એન્ડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.





